ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૪ ટકા

# સે-૨૪ શાકમાર્કેટમાં પાણીનો દૈનિક છંટકાવ



## માર્કેટમાં ઉડતી ધૂળની ડમરીઓથી નાગરિકો પરેશાન બન્યા હતા તેથી દૈનિક પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં સેકટર-૨૪ શાકમાર્કેટમાં વર્ષોથી ચાલતા આ માર્કેટમાં હજારોની સંખ્યામાં ભીડ ઉમટે છે. ગાંધીનગરમાં હાલમાં આમલપુર ખાતે શાકભાજી માર્કેટ શીફ્ટ થઈ જવાથી પહેલા કરતા ઓછી ભીડ થઈ રહી છે તેમ છતાં માર્કેટમાં ભીડ યથાવત છે. ત્યારે હાલમાં આ જગ્યા પર ધૂળની ડમરીઓ ઉડી રહી છે તેવામાં નાગરિકોને પરેશાની ન થાય તે માટે સેકટર-૨૪ના શાકમાર્કેટમાં પ્રમુખ રમણભાઈ વિરમગામી દ્વારા રોજે રોજ પાણીના ટેન્કર દ્વારા છંટકાવ કરવામાં આવી રહ્યો છે. જે જાહેર જનતા માટે હિતાવહ છે. ગાંધીનગરમાં ધૂળની ડમરીઓ ઉડતી હોવાથી વાહનચાલકોને પણ મુશ્કેલી પડી રહી છે. વધુ પવન ફૂંકાતો હોવાથી ધૂળની ડમરીઓ ઉડી રહી છે જેમાં પ્રાઈવેટ ટેન્કરોનો ઉપયોગ કરીને ઘણા વિસ્તારોમાં પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં સે-૨૧ના માર્કેટમાં ૨૪ના માર્કેટની સરખામણીએ વધારે સારી સુવિધાઓ છે તેથી ૨૪ના માર્કેટમાં વેપારીઓને અગવડો પડી રહી છે. માર્કેટમાં ગંદકીનો સામનો કરવો પડે છે. રોજીરોટી કમાવવા માટે આસપાસની ગંદકીમાં પણ વેપારીઓ દ્વારા શાકભાજીનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જવાબદાર તંત્ર દ્વારા આ વિસ્તારની સાફસફાઈ ન કરતા ગંદકી જોવા મળી રહી છે. આ વિસ્તારમાં રખડતા ઢોરોનો પણ ત્રાસ વધી રહ્યો છે. આ કાળઝાળ ગરમીમાં શહેરમાં ટેન્કરોનો ઉપયોગ વધવા પામ્યો છે. શાકમાર્કેટમાં વધારે પડતી માટીનું પ્રમાણ હોવાથી પવન ફૂંકાતા વાવાઝોડાની માફક ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળે છે. આ ઉપરાંત માટીમાં વાહન પાર્ક કરતા નાગરિકોને પણ અગવડ પડતી હોય છે. તેથી આ વિસ્તારમાં ટેન્કરો બોલાવીને પાણીનો છંટકાવ કરવો અનિવાર્ય છે. દરરોજ આ વિસ્તારમાં ટેન્કર બોલાવીને પાણીનો છંટકાવ કરતા ઉડતી ધૂળની ડમરીઓથી નાગરિકોને રાહત મળી રહી છે અને માર્કેટમાં ઠંડકનો અનુભવ થાય છે. આ વખતે ઉનાળાની આકરી ગરમી હોવાથી સાંજે ૭ વાગે પણ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે તેવામાં શાકમાર્કેટમાં પાણીનો છંટકાવ થવાથી વેપારીઓ અને ગ્રાહકો ગરમીથી રાહત મેળવી રહ્યા છે.

## સે-૫માં દબાણો, સફાઈનો અભાવ, બગીચામાં સુવિધા માટે રજૂઆત



ગાંધીનગર, તા.૧૮

સેકટર-૫ વસાહત મંડળ દ્વારા સેકટરના પડતર પ્રશ્નો મુદ્દે મેયર, ડેપ્યુટી, મેયરને રજુઆત કરાઈ હતી. કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ સિનિયર સિટીઝન માટે જાહેર બગીચામાં બેસવા વ્યવસ્થા કરવી, વધતી ઝુંપડપટ્ટીના દબાણ, જાહેર ફુટપાથ પરના દબાણો, સાફસફાઈ તથા અન્ય પ્રશ્નો મુદ્દે રજુઆત કરાઈ હતી. નવા બનેલા બાળકો માટે રમતગમતના સાધનો અપૂરતા, સિનિયર સિટીઝનોની અલાયદી કોઈ બેઠક વ્યવસ્થા ન હોવાની રજૂઆત કરી હતી. સે-૧, ૨, ૪, ૭, ૮ના બગીચાઓમાં સંપૂર્ણ સુવિધાઓ સાથે સિનિયર સિટિઝનો માટે વ્યવસ્થા કરાઈ છે. અન્ય ગાર્ડન જેવી સગવડોથી સેકટર-૫ ગાડનને વંચિત રખાયો હોવાની લાગણી વ્યકત કરી હતી.

## ગાંધીનગરની જીલ મંથન ભટ્ટે કથક નૃત્યમાં વિશારદની પદવી મેળવી





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની કુ.જીલ મંથન ભટ્ટે કલાગુરૂ હાર્દિકા શુક્લના નર્તન ડાન્સ ક્લાસમાંથી અખિલ ગાંધર્વ મહાવિદ્યાલયની વિશારદની પદવી ફર્સ્ટ ક્લાસ સાથે પ્રાપ્ત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીલના પિતા મંથન ભટ્ટ અને માતા હેમાબેન ભટ્ટ બંને ગાંધીનગરના સામાજિક અગ્રણી છે તેમજ હેમાબેન અત્યારે મહાનગરપાલિકામાં વર્તમાન કોર્પોરેટર પણ છે.

કુ.જીલ મંથન ભટ્ટે માત્ર સાત વર્ષની વયે ગાંધીનગરના ખ્યાતનામ કલાગુરૂ કુમુદબેન ભટ્ટ પાસેથી કથક નૃત્યની શીખવાની શરુઆત કરી હતી. કુમુદ પટવા વિદેશગમન બાદ જીલ ભટ્ટે કલાગુરૂ હાર્દિકા શુક્લ પાસે તાલીમ મેળવી હતી જે કોરોના મહામારીના સમયમાં ઓનલાઈન સ્વરૂપે પણ અવિરત ચાલુ રહેવા પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વિશારદની પરીક્ષાના થોડાં સમય અગાઉ જીલ ભટ્ટની સાથીદાર કુ. દિયાને અકસ્માતમાં પગમાં ગંભીર ઈજાઓ થતાં વિશારદની પરીક્ષા માટે બંને સંયુક્ત રીતે કરેલી તૈયારીઓ પર પ્રશ્નાર્થ લાગી ગયો હતો. જોકે દિયા અને માતા હેમાબેન ભટ્ટની પ્રેરણાથી જીલે એક સપ્તાહ સુધી દિવસ રાત તનતોડ મહેનતના અંતે તમામ તૈયારીઓ નવેસરથી કરીને હિમ્મત સાથે વિશારદની પરીક્ષા આપી હતી જેમાં તેણીએ ફર્સ્ટ ક્લાસ સાથે વિશારદની પરીક્ષા પાસ કરી છે. કલાગુરૂ હાર્દિકા શુક્લાના નર્તન ડાન્સ ક્લાસમાંથી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયની વિશારદની પદવી પ્રાપ્ત કરનાર તે પહેલી શિષ્યા બની છે. ગાંધીનગરની પ્રતિષ્ઠિત કલાસંસ્થા નર્તન ડાન્સ એકેડેમીએ સતત સાતમા વર્ષે ૧૦૦ ટકા પરિણામ હાંસલ કરીને ગાંધીનગરના ગૌરવમાં વધારો કર્યો છે. ઝીલની આ સફળતામાં મેકઅપને કૉસ્ચ્યુમ આર્ટિસ્ટ રવિ પટેલ અને ફોટોગ્રાફર ગ્રેહામ પ્રવાસીનો ફાળો પણ છે.

## મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા માર્શલઆર્ટ્સની તાલીમ



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં મધર્સ ટચ સ્કૂલ - એરફોર્સ ખાતે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા બાળકોને માર્શલઆર્ટ્સની તાલીમ કોચ મિલાપ ટાટારિઆ દ્વારા અપાઇ હતી અને સ્કૂલનાં શિક્ષકો નિમિષા સાધુ, કાજલ રત્નોતર, સોનલ પંડ્યા, ચિરાગ પટેલ, નિલમજી અને રૂતુ ભટ્ટ દ્વારા બાળકોને જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું તથા સ્કૂલના પ્રિન્સિપાલ બી. અપૂર્વા મેડમે જણાવ્યું હતું કે, બાળકો સ્વ રીતે પોતાનો બચાવ કરી શકે એટલાં સક્ષમ આજના સમયમાં આપણે દરેક બાળકોને બનાવવા જરૂરી બની ગયા છે.

## મનોદિવ્યાંગ ખેલાડીઓએ ખેલમહાકુંભમાં ૨૬ મેડલ પ્રાપ્ત કર્યા



ગાંધીનગર, તા.૧૬

મનોદિવ્યાંગ ખેલાડીઓ માટે તાજેતરમાં યોજાયેલા રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં ભાગ લઈને ગાંધીનગર જિલ્લાની ટીમે ૨૬ મેડલ પ્રાપ્ત કર્યા છે. જિજ્ઞેશ રાવલના માર્ગદર્શન હેઠળ પૌરીન પટેલની આગેવાનીમાં વિશિષ્ટ શિક્ષકો રોહિત ઠાકોર, આશાબેન, મીનલબેન, મયુર, અલ્પાબેન, અર્ચનાબેન, વિરેન્દ્રભાઈ, ભોળાભાઈ, યોગિતાબેન, જયશ્રી બેન, સુલેખાબેન, ધર્મિષ્ઠાબેન, ભુપેન્દ્રભાઈ, ભૂપેન્દ્રસિંહ અને મેઘનાબેને આ ટીમને તાલીમ આપવામાં અગત્યનું યોગદાન આપ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા એથ્લેટિક્સ મીટના વિજેતાં બાળકો માટે યોજાઈ પ્રતિભા સંવર્ધન શિબિર



ગાંધીનગર, તા.૧૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી વિદ્યાનિકેતન વિભાગ દ્વારા સંસ્કારધામ-બોપલ ખાતે ૧૧ વર્ષ સુધીનાં બાળકો માટે પ્રતિભા સંવર્ધન શિબિર હાલમાં જ યોજાઈ ગઈ. યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં સંપન્ન રાજ્યની પ્રથમ અંડર-૧૧ એથ્લેટિક્સ મીટના ૪૦૦ વિજેતાં બાળકોની પ્રતિભા નીખારવાના હેતુથી આ શિબિરનું આયોજન કરાયું. જેમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બાળકો જોડાયાં.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે જણાવ્યું કે, યુનિ.ના રજિસ્ટ્રાર ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં યોજાયેલી આ નવ દિવસીય શિબિરમાં બાળકોને રમત-ગમત ઉપરાંત વ્યાયામ, ચિત્ર, સંગીત, નૃત્ય, પ્રાણાયામ-યોગ વગેરેનું પણ પ્રશિક્ષણ વિષય નિષ્ણાતો દ્વારા અપાયું. બાળકો અંડર-૧૧ એથ્લેટિક્સ મીટમાં જે-જે રમતમાં વિજેતા બન્યાં હતાં, તે રમતમાં તેમનું પ્રદર્શન વધુ સારું કઈ રીતે થઈ શકે તેનું પણ સઘન પ્રશિક્ષણ નિષ્ણાતો દ્વારા અપાયું. સવાર અને સાંજના મેદાનના સેશનમાં બાળકો ઉમળકાભેર જોડાતાં અને એથ્લેટિક્સની વિવિધ રમતોની ટેક્નિક્સ, નિયમો વગેરે માહિતી રસપૂર્વક ગ્રહણ કરતાં હતાં. વર્ષ ૨૦૩૬નો ઓલિમ્પિક્સ સંભવતઃ ભારતમાં યોજાવાનો છે ત્યારે તેના માટે અત્યારથી જ ખેલપ્રતિભા તૈયાર કરવાના એક ઉદ્દેશ્ય સાથે, આ બાળકોને નવ દિવસ સુધી ગહન પ્રશિક્ષણ અપાયું. શિબિર દરમિયાન બાળકોને સાયન્સ સિટીની મુલાકાત પણ કરાવવામાં આવી. અહીં વિજ્ઞાનની અજાયબી જોઈને બાળકો ખુશખુશાલ થઈ ગયાં. અંતિમ દિવસે સમાપન સમારોહમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે બાળકોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત્ યુનિવર્સિટીના વિવિધ આયામોનો પરિચય આપ્યો. બહોળી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓએ બાળકોની પ્રતિભાને નિખારવાના આ કાર્યક્રમને બિરદાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ડૉ. મહેન્દ્ર પટેલ તથા ડૉ. શિલ્પા વાળાએ ભૂમિકા ભજવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. રાણા અમથુબા ભવાનસિંહ,** ઉ.વ. ૮૬, પીંપળજ
- **સ્વ. વાઘરી નિતાબેન કમલેશભાઈ,** ઉ.વ. ૩૨, ચરેડી છાપરાં, સે-૨૮
- **સ્વ. સલાટ ભુપતભાઈ રવજીભાઈ,** ઉ.વ. ૬૦, ધમાસણા

# ક્રીષ્ના વૃધ્ધાશ્રમમાં ૨૬ વર્ષમાં ૩૦૦૦ વડીલોએ આશરો લીધો

### હાલમાં ૩૦ જેટલા વડીલો અહીંયા રહે છે : સમાજે વડીલ સ્વજનોની જાળવણી માટે જાગૃત બનવું પડશે






ગાંધીનગર, તા. ૧૮

આજે આપણે ત્યાં સંયુક્ત કુટુંબ ભાંગતા જાય છે. ગામડાઓમાં વસતા કોઈ પણ જ્ઞાતી જાતિના ઉમંરલાયક મા-બાપને ગમે તેવી કપરી પરીસ્થિતિમાં પણ તેનાં સંતાનો તેમના મા-બાપને ગમે તે રીતે નિભાવે છે. શહેરીકરણની આંધળી દોટે ગામડામાં મોટા-મોટા ઘર છોડીને શહેરોમાં મા-બાપને લઈ જતા દિકરાઓ પાસે ઘણી વખત ખૂબ નાનું મકાન કે ફ્લેટ હોય છે તેમાંય ઓછી આવક એક સાથે બધાને રહેવાનુ તેને કારણે ઘરમાં વડીલ મા-બાપ આંખે થાય છે અને ઘરમાં નાના-નાની બાબતે કચવાટ ઉભા થાય છે. ઘરમાં આવેલી દિકરાની વહુ પોતાના સાસુ-સસરાને મા-બાપ ગણવાને બદલે સંઘર્ષમય સ્થિતિમાં વિરોધ પક્ષ સમજે છે અને આ કારણે મોટા ભાગના મા-બાપને ઘરની બહાર કોઈક જગ્યાએ બેઠક શોધવી પડે છે અને મા-બાપ ગરીબડા બનીને અંતે વૃધ્ધાશ્રમનો આશરો લે છે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૯૭થી કાર્યરત ક્રિષ્ના વૃધ્ધાશ્રમ જેનું નામ ભગવાન કૃષ્ણ પરથી પાડવામાં આવ્યું છે. હિંદુ ધર્મમાં કૃષ્ણ ભગવાનને મુખ્ય દેવ માનવામાં આવે છે. દુખીયારાઓનો કષ્ટ દૂર કરનારા કૃષ્ણ ભગવાનના નામથી રાજેશભાઈ ભટ્ટે ક્રિષ્ના વૃધ્ધાશ્રમ શરૂ કર્યુ. જેમાં અત્યાર સુધી એટલે કે વર્ષ ૧૯૯૭ થી ૨૦૨૨ સુધી ૩૦૦૦ જેટલા સિનિયર સિટિઝનોને આશરો આપ્યો છે. રાજેશ ભટ્ટના જણાવ્યા મુજબ અહીંયા છેક મુંબઈથી સિનિયિર સિટિઝન આવે છે. જો આ માનવજીવનમાં વૃધ્ધાશ્રમ ન હોત તો આ નિરાધાર માણસો ક્યાં રહેતા ? વર્તમાન સમયગાળામાં નવી જનરેશનના વિચારોની સામે ઓલ્ડ જનરેશનના વિચારો મેળ આવી રહ્યા નથી. જેમાં એક હઠ રાખતા વૃદ્ધો ઘરની બહાર નીકળી જાય છે. દરેક વખતે વહુનો જ વાંક હોય તે અનિવાર્ય નથી. હાલમં વૃધ્ધાશ્રમમાં ૩૦ સિનિયર સિટિઝનો આસરો લઈ રહ્યા છે. દરેકમાં સંપ જોવા મળી રહ્યો છે. આ તમામને ધાર્મિક પ્રવાસ માટે ઉજ્જૈન લઈ જવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. દર વર્ષે જુદી જુદી જગ્યાએ ધાર્મિક પ્રવાસ કરાવવામાં આવે છે. અને ખુશ ખુશાલ રીતે ધાર્મિક પ્રવાસ માણવામાં આવે છે.

ગાંધીનગરમાં સેક્ટર-૬ ખાતે અગાઉ આ વૃદ્ધાશ્રમ કાર્યરત હતુ જે સીફ્ટ થયું છે. વડીલો નિરાંતની જિંદગી જીવી રહ્યા છે. પરંતુ પરીવારથી વિખૂટા થવાનું દુઃખ પણ જોવા મળે છે. પાછલી જિંદગીમાં સંતાનોનાં સહારા માટે મા-બાપ રાત-દિવસ એક કરીને જીવનનું ભાથુ બાંધે છે આમ છતાં ઘરે ઘરે મા-બાપ વધારાના થઈ રહ્યા છે. વિદેશમાં વડીલો માટે પેન્શન અને અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. આપણે ત્યાં આ પ્રકારની વ્યવસ્થા નહી હોવાથી ખાનગી ટ્રસ્ટો, વૃધ્ધાશ્રમનું નિર્માણ કરીને ચલાવે છે અને આજે તો આ બધા વૃધ્ધાશ્રમમાં ખૂબ મોટું વેઈટીંગ ચાલે છે. આપણે ક્યારેક વૃધ્ધાશ્રમની મુલાકાત લઈએ તો તેનો અંદાજ આવી શકે છે. આ બધા માટે જો વડીલ વૃંદાવનની સ્થાપના કરવામાં આવે તો લગભગ દરેક ઘરમાં સંઘર્ષ ટળી શકે છે. વયોવૃદ્ધ મા-બાપ સવાર-સાંજ વડીલ વૃંદાવનમાં જાય, સત્સંગ કરે, ટીવી જુએ, તેની ઉંમરના માણસો સાથે મળી સમય પસાર કરે અને પોતાને યોગ્ય વાંચન કરે. વડીલ વૃંદાવન એક સારો પ્રયાસ કહી શકાય જેના થકી વૃધ્ધાશ્રમો વધવાને બદલે વડીલ વૃંદાવન ઉભા થશે અને દરેક મા-બાપને પોતાના વિસ્તાર કે ઘર પાસે યોગ્ય પ્રવૃત્તિ કેન્દ્ર મળશે. જેના કારણે ઘરમાં નવી-જૂની પેઢીનો જે સંઘર્ષ થાય છે તે ટાળી શકાશે. સમાજે વડીલ સ્વજનોની જાળવણી માટે જાગૃત બનવું ડશે અને તેને વધારાના ન ગણતા યોગ્ય માન-સન્માન આપવું પડશે.

## જન્મદિને વધામણી



યુનુસભાઈ વાય. પરમાર
પ્રમુખ - બયતુલમાલ, ગાંધીનગર
ઉપપ્રમુખ - ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસ



ઉષા ગિરીશ ઠક્કર
મંત્રી, જલારામ મહિલા મંડળ, ગાંધીનગર



શુભમ સુખડીયા
રાધે-રાધે ગૃપ
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫



જિયાંશી
રણજિતભાઈ ચૌહાણ



શ્રેયા દિપકભાઈ પ્રજાપતિ
ફોન : ૨૩૨૨૩૯૦૧



પાર્થ પારેખ
મો. ૮૪૦૧૫ ૨૩૪૦૪

## ગાંધીનગર જિલ્લામાં વધુમાં વધુ તળાવો બનાવવા રજૂઆત

ગાંધીનગર, તા.૧૮

દેશભરમાં આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના સંદર્ભમાં ગાંધીનગર જિલ્લામાં વધુમાં વધુ તળાવોનું ખોદકામ થાય તેવી રજૂઆત ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ભુગર્ભ જળનું તળ ઉંચુ લાવવા માટે તળાવોની જરૂરીયાત છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જિલ્લા દીઠ ૭૫ તળાવો ખોદાય તે માટે આહવાન કર્યુ છે. આ આહવાન હેઠળ ગાંધીનગર જિલ્લામાં પણ ૭૫ તળાવો બનાવવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગરમાં સેકટર-૧માં તળાવ વિકસાવવામાં આવ્યું છે. પરંતુ તેમાં પાણી ટકતું નથી. આ સમસ્યાનો ઉકેલ લાવી તળાવ કાયમ ભરેલું રહે તેવી વ્યવસ્થા ગોઠવવા રજૂઆત કરવામાં આવી છે. સેકટર-૪માં તળાવ વિકસાવવાની માંગ કરવામાં આવી છે.